PAVAN EXPRESS WEEKLY R.N.I. NO. : GUJGUJ/2021/82864
પવનવેગે પ્રસરતા સમાચાર
પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515 Email : pavanexpress2021@gmail.com સાપ્તાહિક

વર્ષ : ૦૪ ♦ અંક : ૫૧ ♦ તા.૧૧-૦૩-૨૦૨૫ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦

VOLUME : 04 ♦ ISSUE : 51 ♦ DATE: 11 -03-2025 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR

## બનાસ ડેરીના સિમેન સેન્ટરનું ગાંધીનગરથી વર્ચુઅલ લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના ડીસા તાલુકાના દામા ગામે બનાસ ડેરીના પ્રયાસોથી સ્થાપવામાં આવેલા એક આધુનિક સીમેન પ્રોડક્શન યુનિટનું ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા વર્ચુઅલ લોકાર્પણ કર્યુ હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લાના ધારાસભ્ય સર્વશ્રી કેશાજી ઠાકોર, અનિકેતભાઈ ઠાકર, પ્રવીણભાઈ માળી અને સ્વરૂપજી ઠાકોર આ વર્ચુઅલ લોકાર્પણમાં સહભાગી થયા હતા. પશુપાલકો માટે ઉચ્ચ વંશાવળી ધરાવતા અને વધુ દૂધ આપતા પશુઓ પેદા કરવાના હેતુથી આ મેક ઈન ઈન્ડિયા સિમેન સેક્સ સોટલ્રગ મશીનથી બનાસકાંઠા જિલ્લામાં રખડતા ઢોરોની સમસ્યાનું નિરાકરણ થશે અને વધુ દૂધ ઉત્પાદન કરતા પશુઓ મળશે. આ સિમેન સેન્ટરના ઉદઘાટન પ્રસંગે વર્ચુઅલ સંબોધનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારતના નિર્માણમાં અન્નદાતાનું યોગદાન સૌથી મહત્વનું છે. ખેડૂતોના વિકાસ માટે રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય ગોકુલ મિશનના માધ્યમથી ઉચ્ચ ગુણવત્તાયુકત પશુ ઓલાદો માટે મહારાષ્ટ્રથી સિમેન સેન્ટરનું કામગીરીની નવી ક્રાંતિની શરૂઆત કરી હતી. આજે ડીસાના દામા ખાતે જે સિમેન સેન્ટર કાર્યરત થઈ રહ્યું છે તેના કારણે પશુપાલકોને ખૂબ મોટો ફાયદો થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાતમાં શરૂ થયેલી પશુપાલનની અનેક યોજનાઓના પરિણામે આજે ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૧૯.૬૨ ટકાનો લાખ મેટ્રિક ટન વધારો થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસ ડેરીના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ડેરીની વિકાસયાત્રા અવિરત ચાલી રહી છે તેની પ્રસંશા કરી હતી. બનાસ ડેરી દૂધ સાથે અન્ય પ્રોડક્ટોનું ઉત્પાદન કરીને દૂધના વ્યવસાયમાં નવી ક્રાંતિ લાવી છે તેને પણ મુખ્યમંત્રીશ્રીએ બીરદાવી હતી. સ્વચ્છતા, વૃક્ષારોપણ અને જળસંચયના કામો દ્વારા ગુજરાતને વિકસિત બનાવવામાં સૌના યોગદાનની અપેક્ષા પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમને સંબોધન કરતા વિધાનસભાના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતીય બનાવટનું સૌપ્રથમ સિમેન સંયંત્ર સેન્ટરનું કામ થઈ રહ્યું છે. ખેડૂતો માટેનું આ ક્રાંતિકારી કામ છે. ભારતની દ્ઢઢ્ઢમ એ બનાવેલા મેક ઈન ઈન્ડિયાના આ સંયંત્ર માટે હું દ્ઢઢ્ઢમ ના વૈજ્ઞાનિકોનો પણ વિશેષ આભાર માનું છું. આજે આ સંયંત્રના કારણે ખેડૂતોને માત્ર સો રૂપિયામાં સિમેન ડોઝ મળી રહેશે. બનાસકાંઠા જિલ્લામાં ૨૮ લાખથી વધુ પશુધન છે. જેનું સંવર્ધન ખૂબ જરૂરી છે. આજે આપણે ગાય ભેંસમાં સારી ઓલાદોના સિમેન તૈયાર કર્યા છે. જેના કારણે સારી ઓલાદના પશુઓ તૈયાર થશે અને દૂધની આવક વધશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટમાં પણ સારા પરિણામ મેળવ્યા છે. ગુજરાતમાં આજે ભારતીય નસલની સારી પશુ ઓલાદો જન્મ લઈ રહી છે. જેના કારણે આપણા પશુપાલન ક્ષેત્રે પણ ક્રાંતિ આવી છે. આજે ગુજરાતનું સહકારી મોડલ અમુલના વૈશ્વિક સ્તરે વખાણ થઈ રહ્યા છે.બનાસડેરી સંચાલિત દામા સિમેન પ્રોડક્શન યુનીટ ૨૦ એકર વિસ્તારમાં ફેલાયેલું છે. આ છ-ગ્રેડના સીમેન સ્ટેશનમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ જેવીકે જીનોમીક્સ બ્રીડીંગ વેલ્યુ, પશુ દીઠ દૂધ ઉત્પાદન હરીફાઈ યોજના, પ્રોજેની ટેસ્ટીંગ, પેડિગ્રી સિલેક્શન પદ્ધતિઓનો અમલ કરીને શ્રેષ્ઠ રોગમુક્ત આખલા અને પાડા પસંદ કરવામાં આવ્યા છે. જેના થકી વાર્ષિક ૨૫ લાખ જેટલા ગુણવત્તાયુક્ત સીમેન ડોઝનું ઉત્પાદન થશે. આ નવી ટેકનોલોજી દ્વારા પશુપાલન ક્ષેત્રે બનાસ ડેરી આપણા વિસ્તારમાં ઐતિહાસિક ક્રાંતિ કરશે. "મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એન.ડી.ડી.બી. દ્વારા તૈયાર કરાયેલા 'ગૌસોર્ટ ટેકનોલોજી' આધારિત સ્વદેશી 'સીમેન સેક્સ સૉર્ટિંગ મશીન' હવે દામા સીમેન સ્ટેશન ખાતે કાર્યરત છે. બનાસકાંઠાના ડીસા ખાતેના સીમેન સેન્ટરના ઉદ્ઘાટનમાં બનાસ ડેરીના એમ.ડી. સંગ્રામભાઈ ચૌધરીએ પ્રસંગિક ઉદબોધન કર્યુ હતું. જ્યારે બનાસ ડેરીના ઈડી બ્રિગેડિયર વિનોદ બાજવાએ આભાર પ્રવચન કર્યુ હતું.




## થરાદમાં નર્મદાની મુખ્ય કેનાલમાં પડેલા એક નંદીને બચાવવાની સફળ કામગીરી હાથ ધરવામાં આવી



થરાદમાં નર્મદાની મુખ્ય કેનાલમાં પડેલા એક નંદીને બચાવવાની સફળ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાગલા અને ખાનપુર પુલ વચ્ચે નંદી પડ્યાની માહિતી થરાદ નગરપાલિકા ફાયર બ્રિગેડને મળી હતી. ફાયર ઓફિસર વિરમજી રાઠોડના નેતૃત્વમાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બચાવ કામગીરીમાં સ્થાનિક રાહદારીઓ એલસીબી પોલીસ દશરત ચૌધરી અને શ્રી શેણલ યુવક મંડળ થરાદના જીવદયા પ્રેમીઓએ પણ સહયોગ આપ્યો હતો. જી.સી.બી મશીનની મદદથી નંદીને કેનાલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. બચાવ કામગીરી બાદ નંદીને ખુલ્લા વિસ્તારમાં છોડી મૂકવામાં આવ્યો હતો. આ કામગીરીમાં એલ.સી.બી પોલીસ દશરથભાઈ ચૌધરી, શ્રી શેણલ યુવક મંડળ ના જીવદયા પ્રેમી ઓ સહિત સમગ્ર ફાયર ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## તંત્રી સ્થાનેથી....

### વૈજ્ઞાનિકોએ શોધી કાઢી એવી રીત કે ધરતીમાં દટાયેલું સોનુ નીકળશે બહાર

વૈજ્ઞાનિકોએ શોધી કાઢી એવી રીત કે ધરતીમાં દટાયેલું સોનુ નીકળશે બહાર નીકળશે. વૈજ્ઞાનિકોએ સોનાના અણુઓમાં ગતિશીલતાનું અવલોકન કર્યું. આ માટે વૈજ્ઞાનિકોએ સલ્ફર યુક્ત પ્રવાહીનો ઉપયોગ કર્યો. એ દિવસ દૂર નથી જ્યારે પૃથ્વીની નીચે ૩૦ થી ૫૦ માઈલ દટાયેલું સોનું ખોદી કાઢવામાં આવશે. વૈજ્ઞાનિકોએ પૃથ્વી પરથી સોનું કાઢવાની એક નવી પદ્ધતિ શોધી કાઢી છે. દુનિયાની સૌથી કિંમતી ધાતુ સોનું છે. જેની પાસે વધુ સોનું છે તેને વધુ ધનવાન ગણવામાં આવે છે. ધરતી નીચે કરોડો ટન સોનું દટાયેલું છે, જો તે જનતામાં વહેંચવામાં આવે તો દરેક વ્યક્તિ ધનવાન બની જશે,



પણ આ સોનું ક્યાં છે? પૃથ્વી નીચે દટાયેલા આ સોનાને કાઢવા માટે કોઈ મશીન બનાવવામાં આવ્યું નથી, પરંતુ વિજ્ઞાને આ માટે એક નવો રસ્તો શોધી કાઢ્યો છે. ઈટ્ટિરિ.ર્ષ્દ્ધ ના અહેવાલ મુજબ, સોનું પૃથ્વીની સપાટી નીચે ઊંડે દટાયેલું છે. વૈજ્ઞાનિકોની એક ટીમે એક એવું મૉડલ બનાવ્યું છે જેની મદદથી પૃથ્વીમાં દટાયેલું સોનું બહાર કાઢી શકાય છે. મિશિગન યૂનિવર્સિટીના વૈજ્ઞાનિક એડમ સિમોનની ટીમ, જેમાં ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ અને ચીનના વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે, તેમણે આ રહસ્ય ઉકેલી નાખ્યું છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે પૃથ્વીમાં જે જગ્યાએ સોનું હોય છે, ત્યાં દબાણ અને તાપમાન ખૂબ વધારે હોય છે અને વધુમાં, સોનું સામાન્ય રીતે અન્ય કોઈપણ ધાતુ સાથે પ્રતિક્રિયા આપતું નથી.વૈજ્ઞાનિકોએ સોનાના અણુઓમાં ગતિશીલતાનું અવલોકન કર્યું. આ માટે વૈજ્ઞાનિકોએ સલ્ફર યુક્ત પ્રવાહીનો ઉપયોગ કર્યો, જેના કારણે આ બંને પદાર્થો સપાટી તરફ ઉપર આવવા લાગ્યા.સલ્ફર પ્રવાહી અને સોનાના પરમાણુઓ પર કરવામાં આવેલ આ પ્રયોગ વૈજ્ઞાનિકો માટે એક મોટી આશા બની ગયો છે. એ દિવસ દૂર નથી જ્યારે પૃથ્વીની નીચે ૩૦ થી ૫૦ માઈલ દટાયેલું સોનું ખોદી કાઢવામાં આવશે. જો કે આ આખો પ્રયોગ વિજ્ઞાન પ્રયોગશાળામાં કરવામાં આવ્યો છે, પરંતુ જ્યારે આ સોનું ખરેખર જમીનની નીચેથી કાઢવામાં આવે છે, ત્યારે તેમાં ઘણો સમય લાગી શકે છે.

**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાનઃ જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "**પવન એક્સપ્રેસ**" સાપ્તાહિક

**તંત્રીઃ પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**

(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

☏ હેડ ઓફીસ ☏

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

# બરોડા ગોત્રી સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા પુસ્તકાલય નું લોકાર્પણ ૩૫૦ પુસ્તકોની ભેટ

: પુસ્તકો વાંચવા થી માણસ નુ નોલેઝ તો વધે છે પણ સાથે સાથે ખૂબ ઉપયોગી માર્ગદર્શન મળે છે સારા પુસ્તકો લોકો ના મિત્ર છે એટલે સમાજ માં પુસ્તકાલયો ખોલવામાં આવે છે આવી જ ઉમદા ભાવના સાથે બરોડા ગોત્રી સિનિયર સિટી ઝન ગ્રુપ દ્વારા વડીલો માટે પુસ્તકાલય નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જાણીતા સંગીતકાર અને પૂજ્ય ગુરુવર્ય અનિલભાઈ શ્રીવાસ્તવ ના વરદ હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકાલય માટે ૩૫૦થી પણ વધુ પુસ્તકો સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ગિરીશભાઈ પંડ્યા એ ભેટ આપ્યા હતા. આ ઉત્તમ પ્રસંગે સંસ્થા ના પ્રમુખ કનુભાઈ પટેલ. ઉપપ્રમુખ અજીતભાઈ વાઘેલા. મંત્રી




કૌશિક ભાઈ જોષી સહિત વિશાલ સંખ્યા માઁ સભ્યો હાજર રહ્યાં હતા અને આ પુસ્તકાલય લોકાર્પણ કાર્યક્રમ ની સરાહના કરી હતી

### પ્રતિ મણ જીરાનો ભાવ ૩૫૦૦ થી ૪૧૫૦ રૂપિયા નોધાયો

# ડીસા એપીએમસીમાં નવા જીરાની આવક શરૂ





પાલનપુર ૦૭

ડીસા એપીએમસીમાં ચાલુ વર્ષે નવા જીરાની આવક શરૂ થઈ છે. બુધવારે ડીસામાં ૩૦૦ બોરીથી વધુની આવક અને પ્રતિ મણ જીરાનો ભાવ ૩૫૦૦ થી ૪૧૫૦ નોધાયો છે. ઉત્તર ગુજરાતમાં બીજા નંબરનું સ્થાન ધરાવતા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (એપીએમસી ડીસા) માં શિયાળુ પાકની આવક શરૂ થવા પામી છે. ડીસા એપીએમસીમાં હાલમાં મુખ્યત્વે રાયડો, એરંડા, તેમજ રાજગરા સહિતના પાકની આવક નોંધપાત્ર થઈ રહી છે. ખેડૂતોને ઘર આંગણે જ પોતાના માલનો પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડીસા એપીએમસીના સેક્રેટરી અમૃતભાઈ જોષીની દેખરેખ હેઠળ જાહેર હરાજી દ્વારા ખેડૂતોના માલનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં બુધવારથી નવા જીરાની પણ આવકની શરૂઆત થઈ છે. ડીસા એપીએમસીમાં ૩૦૦ બોરીથી વધુની આવક અને પ્રતિ મણ જીરાનો ભાવ ૩૫૦૦ થી ૪૧૫૦ નોધાયો છે તેમ ડીસા એપીએમસીના સેક્રેટરી એ.એન.જોષીએ જણાવ્યું હતું.

# દાંતા તાલુકાના હડાદ ખાતે માત્ર ખેડૂત મહિલાઓનુ જ પ્રાકૃતિક ખેતી માર્ગદર્શન અને પ્રદર્શન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યું

ગુજરાત રાજ્ય માં કેમિકલ યુક્ત ખાતરનો ઉપયોગ ઘટાડવા ને દેશી ખાતર વાપરી ઓર્ગેનિક એટલે કે પ્રાકૃતિક ખેતી કરવા તરફ ખેતી કરવા રાજ્ય ના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા એક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેમ કેમિકલ યુક્ત ખાતર ની ઉપયોગ કરવા ખેડૂતો તેનું માપ અને ખાતર ની આચારસંહિતા ભૂલી બેફામ કેમિકલ યુક્ત ખાતર નો ઉપયોગ કરી રહ્યા છે જેને લઈ શાકભાજી કઠોળ અને અનાજ ઉપર અસર થતા માનવ જીવન સામે ખતરો ઉભો થયો છે તેવા સંજોગો માં પ્રાકૃતિક કૃષિ માટે રાજ્ય ના અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેમાં રાજ્ય નું કૃષિ વિભાગ પણ જોડાયું છે જેમાં ખાસ કરીને ગુજરાત ના રાજ્યપાલ અને મુખ્યમંત્રી આ પ્રાકૃતિક ખેતી ઉપર ભાર મૂકી ખેડૂતો સાથે સવાંદો પણ કર્યા છે જેમાં બનાસકાંઠા જિલ્લો અગ્રસર રહ્યો છે જયારે સરકાર ખેડૂત ને ખાતર અને બિયારણ ઉપર મોટી સબસીડી આપે છે ત્યારે ખેડૂત વધુ ઉપજ ની લાલચ માં ભાન વગર ઉપયોગ કરી માત્ર રૂપિયો કમાવવા કેમિકલ યુક્ત ખેતી




કરી પોતાની ફળદ્રુપ જમીન નો નાશ કરી રહ્યા છે સાથે કેમિકલ યુક્ત અનાજ અને શાકભાજી દ્વારા માનવ જીવન માં કેન્સર ને હાર્ટ એટેક જેવા ભયંકર રોગો ને નિમંત્રણ કર્યું છે ત્યારે પ્રાકૃતિક કૃષિ અભિયાન થી એક નવી કૃષિ પદ્ધતિ માટે રાજ્ય સરકાર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેને લઈ વિશ્વ મહિલા દિવસ અંતર્ગત આજે દાંતા તાલુકા ના હડાદ મુકામે માત્ર ખેડૂત મહિલાઓનુ જ પ્રાકૃતિક ખેતી માર્ગદર્શન અને પ્રદર્શન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યું હોવાનુ હિતેન્દ્ર પટેલ (પ્રદેશ પ્રમુખ,ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ફેડરેશન) અમદાવાદએ જણાવ્યુ હતુ જયારે ખેડૂત ખેતી કરી બીજી મજૂરી કે અન્ય કામે જતા હોય ત્યારે તેની ખેતીવાડી ની વિશેષ જવાબદારી તે ઘર ની મહિલા નિભાવતી હોય છે તેને લઈ આદિવાસી ખેડૂત મહિલાઓ ને પ્રાકૃતિક ખેતી તરફ વળવા સાથે શુદ્ધ સાત્વિક શાકભાજી સાથે ઓર્ગેનિક ખેતી કરવા જણાવવામાં આવ્યું હતું જોકે ઓર્ગેનિક પાક નો ભાવ બજાર માં વધુ મળવા ની સાથે ઓછા ખર્ચે વધુ ઉપજ થતી હોવાથી પ્રાકૃતિક ખેતી કરતા હોવાનું પણ મહિલા ખેડૂતે જણાવ્યું હતું

આ સાથે પ્રાકૃતિક ખેતી માં જે ખાતર અને બિયારણ દ્વારા ઉપજ કરવામાં આવી હતી તેના પ્રદર્શન ની સાથે સરકાર ની ખેડૂત અને પશુપાલક લક્ષી યોજના ના લાભાર્થીઓ ને ચેક પણ વીતરણ કરવામાં આવ્યા હતા


### ગટર લાઇનના ખાડા કર્યા બાદ જીયુડીસીએ હાથ અધર કર્યા

# પાલનપુરના ડેરી રોડ ઉપર અસંખ્ય વાહન ચાલકો તૂટેલા રોડ થી પરેશાન

**સરકારી ગર્વમેન્ટ હાઇસ્કુલથી કુંવરબા હાઇસ્કુલ સહિતના માર્ગો બિસ્માર**

પાલનપુર

પાલનપુરમાં ઘર વપરાશનું પાણી ભૂર્ગભ ગટર લાઈન સાથે જોડવા માટે જીયુડીસી દ્વારા રોડ ખોદીને કામગીરી ચાલી રહી છે. જોકે, જ્યાં પાઈપલાઈન નંખાઈ ગઈ છે. તેવી ૧૦થી વધુ સોસાયટીઓ અને જાહેરરોડ નવા બનાવવામાં આવ્યા નથી. ખુદ જીલ્લા પોલીસવડા, કલેકટર અને નગરપાલિકા પ્રમુખને દરરોજ તૂટેલા રોડ ઉપરથી પસાર થવું પડી રહ્યું છે.પાલનપુરમાં રહેણાંક મકાનોના ગંદા પાણીની પાઈપલાઈનો ભૂર્ગભ ગટર સાથે જોડવા માટેની કામગીરી જીયુડીસી દ્વારા ચાલી રહી છે. જેનો પાલિકાએ સર્વે કર્યા મુજબ ૧૦૦ ઉપરાંત સોસાયટીઓના ૭૦૦૦ જેટલા મકાનો આવરી લેવાયા છે. જ્યાં આબુરોડ હાઈવે નજીક ન્યૂ પાલનપુર વિસ્તારની શિવ મહેલ, સરકારી ગર્વમેન્ટ હાઈસ્કુલથી કુંવરબા હાઈસ્કુલ સહિતના માર્ગો ખોદી ગટરલાઈન તો નાંખી દેવામાં આવી છે. પરંતુ નવા માર્ગ બનાવવામાં આવ્યા ન હોઈ લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વિકાસના કામો ભલે કરો પરંતુ સાથે સાથે લોકોની સુખાકારીનો પણ ખ્યાલ રાખવો જોઈએ. આગામી સમયે નગરપાલિકાની ચૂંટણીઓ આવે ત્યારે જ જાણે પ્રજાને સારૂ લગાડી મત મેળવવા માટે પાલિકા જાણી જોઈએ વર્તમાન સમયે રસ્તા ન બનાવતી હોવાનું પણ લાગી રહ્યું હોવાના લોકોએ આક્ષેપો કર્યા હતા.



**ડીએસપી, કલેક્ટર, પાલનપુરના ધારાસભ્ય નગરપાલિકા પૂર્વ પ્રમુખ અડધા બિસ્માર માર્ગે ચાલવા મજબુર**

બનાસકાંઠા જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસવડા અને નગરપાલિકા પ્રમુખ દરરોજ જે માર્ગેથી પસાર થાય છે. તે ગર્વમેન્ટ હાઈસ્કુલથી કુંવરબા હાઈસ્કુલનો અડધો માર્ગ બિસ્માર છે. આ માર્ગે સ્કુલના બાળકો પણ પસાર થતાં હોઈ તેમને પણ સતત અકસ્માતની ભિતી સતાવી રહી છે.

**: ખાડા ઉપર ત્રણ માસ પછી ડામર રોડ થશે**

આ અંગે ભૂર્ગભ ગટર સમિતિના ચેરમેન કૌશલભાઈ જોષીએ જણાવ્યું હતુ કે, જીયુડીસી દ્વારા જ પાઈપલાઈન ખોદેલો માર્ગ નવો બનાવવામાં આવશે. ૧૫ ઓગષ્ટથી નવા માર્ગ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. જોકે, ખાડામાં માટી પુરેપુરી પુરાઈ જાય તે માટે ત્રણ માસ બાદ તેની ઉપર ડામર રોડ કરાશે.

**રૂપિયા ૧૧.૬૪ લાખના ખર્ચે પાઇપલાઇનની કામગીરી પ્રગતિમાં**

પાલનપુર નગરપાલિકા દ્વારા બે વર્ષ અગાઉ સર્વે કરાયો હતો. જે પછી સરકાર દ્વારા જુના અને નવા પાલનપુરની ૧૦૦ ઉપરાંત સોસાયટીઓના ૭૦૦૦ જેટલા મકાનોના ગટર જોડાણ માટે રૂપિયા ૧૧.૬૪ લાખ મંજુર કરાયા હતા. જેમાં સોસાયટીઓની આંતરિક પાઈપલાઈનો મુખ્ય ગટર લાઈન સાથે જોડવાનું કામ વર્તમાન સમયે પ્રગતિમાં છે.

# પાલનપુર નજીક આવેલા જગાણામાં પ્રાથમિક શાળામાં ઉજવાયેલ મહોત્સવ વિદ્યાર્થીઓ માટે જોખમી

પાલનપુર ૦૭

પાલનપુરના જગાણા માં પ્રાથમિક શાળાના બાળકોએ શાળાના ધાબા પરથી રસ્સી પકડી જીવલેણ કરતબ કરતા વાલીઓમાં ફફડાટ ફેલાયો હતો. ત્યારે શાળાના આચાર્ય અને શિક્ષકોએ આવા જીવલેણ કાર્યક્રમ કોની મંજૂરીથી રાખવામાં આવ્યા છે. શું ઉચ્ચ કક્ષાએ મંજૂરી લીધી છે કે નહીં તેને લઈ ગામમાં સવાલો ઉઠ્યા છે. ત્યારે આ બાબતે જીલ્લા શિક્ષણ અધિકારી તપાસ કરાવશે કે કેમ?પાલનપુર તાલુકાના જગાણા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં તા. ૨૫/૨/૨૦૨૫ને મંગળવારના રાત્રે વાર્ષિક મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળા દ્વારા વિદ્યાર્થી ઓનો સંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો .જે કાર્યક્રમ વિદ્યાર્થીઓને મોતના મુખમાં ધકેલે તે પ્રકારનો જોખમી હતો. જેને લઈ વાલીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ પ્રકારના જોખમી કાર્યક્રમો શાળા પરિવાર દ્વારા કોની મંજૂરીથી રાખવામાં આવ્યા છે તે વાલીઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ નવી બનેલી શાળાની ઊંચાઈથી આ બાળકો આવનાર તમામ મહેમાનોને મનોરંજન પુરૂ પાડવા માટે રસ્સીથી નીચે ઉતરતા બે વિદ્યાર્થીઓ અંધારામાં તસ્વીરમાં દેખાય છે. આ



નાટક કે રીસ્ક ? રોજી માટે નટ લોકો આવું સાહસ નથી કરતા. આ તો પ્રાથમિક શાળાના નાના ભૂલકાઓ છે . ડીપીઓ ડો.વિનુભાઈ પટેલે મંજુરી આપી હતી કે સરપંચે આપી ?તેમ ગ્રામજનો અને વાલીઓ સવાલો પૂછી રહ્યા છે....? ત્યારે આ બાબતે ગાંધીનગરથી યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનો અને વાલીઓમાં માંગ ઉઠવા પામી છે.

## હોળી ના તહેવાર પૂર્વે હારડાઓની હારમાળો

દિવાળી તો અટે કટે, હોળી તો મારે ઘેર રે.......... ડીસા ભલે ગુજરાતનું શહેર હોય પરંતુ પચ્ચાસ ટકા મારવાડી વસ્તી ધંધા રોજગાર માટે રહેતા હોય છે આને કારણે મારવાડની મધમધાટ દેખાય છે અને એમાં પણ ભારતીય સંસ્કૃતિની અદભૂત વિશીષ્ટતા દરેક તહેવારમાં વિશિષ્ટ આહાર....? જેમાં હોળીનું બીજુ નામ હારડાઓની હારમાળાની શુભ્રતા ( સફેદાઈ ) થી ડીસાની બજારો શોભી ઉઠી છે. ( વિનોદભાઈ બાડીવાલા )

## વડામાં શ્રી ઢટોસણા હનુમાનજી મહારાજના મંદિરે ૧ રૂમ નું અનુદાન અર્પણ કરતુ શ્રી ચંદુમાં મહિલા મંડળ થરા



કાંકરેજ તાલુકાના વડામાં બિરાજમાન શ્રી હનુમાનજીદાદા નુ લગભગ ૪૦૦ વર્ષ પૂરાણુ મંદિર આવેલ છે.દરવર્ષે કાળી ચૌદસના દિવસે ભાતિગળ મેળો ભરાય છે. મંદિરે અનેક સુધારા વધારા થઈ રહ્યા છે અનેક દાતાઓ દાનની સરવાની વર્ષાવી રહ્યા છે ત્યારે જેમનું કામ અને નામ ખૂબ ઊજળું છે એવા શ્રી આનંદના ગરબા,ચંદુમા મહિલા ભક્ત મંડળ થરા એ દરેક ધાર્મિક જગ્યાએ અને અન્ય કાર્ય માટે યથા યોગ્ય દાન આપ્યું છે.ત્યારે આ મંડળ દ્વારા આજરોજ દાદા ના એક રૂમ ના દાતા તરીકે ૪,૨૫,૦૦૦/ રૂપિયા પેટે ટોટલ ૨,૫૦,૦૦૦/- રૂપિયાનું અનુદાન દાદાના ચરણો દાદાના ભક્તોની હાજરીમા અર્પણ કર્યું હતું.શ્રી જલારામ બાપાના ભજન કીર્તન હોય,ભાગવત ગીતા પાઠ હોય કે ધર્મનું ગુણગાન હોય ત્યારે આ મહિલા મંડળ ખૂબ ભાવથી કાર્ય કરે છે.નટવર કે. પ્રજાપતિ, થરા મો. ૯૯૭૯૫ ૨૧૫૩૦

## દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે સ્નેહલભાઈ ધરિયાના નામની મહોર વાગી છે

નવ નિયુક્ત દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ ધરિયાએ સૌપ્રથમ લીમખેડા તેમના નિવાસસ્થાન ખાતે તેમની માતા ને પુષ્પ માળા પહેરાવી પ્રણામ કર્યા હતા તેમની માતા શ્રીએ તેમને હાથમાં શ્રીફળ આપી ચુંદડી પહેરાવી પુષ્પ કંકુ ચોખા થી તિલક કરી આશીર્વાદ પાઠવ્યા હતા દાહોદ જિલ્લા ભાજપ ના પ્રમુખનો સ્નેહલ ભાઈ ધરીયા ઉપર કળશ ઢોળાતા જિલ્લાના પાર્ટીના કાર્યકર્તાઓ કમલમ તેમજ લીમખેડા તેમના નિવાસસ્થાન ખાતે ફટાકડા ફોડી મો મીઠું કરાવી ફૂલહાર થી સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી વંદે માતરમ ભારત માતાકી જય ના નારા લગાવવામાં આવ્યા હતા નવ નિયુક્ત દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ ધરીયા દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી તેમજ અનેક હોદ્દાઓ ઉપર રહી ચૂક્યા છ

## પાલનપુર ગાયત્રી શક્તિપીઠ ખાતે રજત જયંતિ મહોત્સવ...

પાલનપુર ૦૭

પાલનપુર આબુ હાઈવે જુના આરટીઓ સર્કલ નજીક ગાયત્રી શક્તિપીઠ આવેલું છે. જ્યાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારના માર્ગદર્શન હેઠળ રજત જયંતિ મહોત્સવ ૨૦૨૫ ની ઉજવણી પ્રસંગે ૧૦૮ કુંડી રાષ્ટ્ર જાગરણ મહાયજ્ઞ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમ પાલનપુરની સેલિબ્રેશન પાર્ટી પ્લોટ ખાતે તારીખ ૧૦ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન યોજવામાં આવનાર છે. જયંતિ મહોત્સવમાં જુદા જુદા ધાર્મિક કાર્યક્રમ યોજાનાર છે તેમ જ ગર્ભ સંસ્કારના પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.જેની સંપૂર્ણ માહિતી ગાયત્રી પરિવાર પાલનપુર દ્વારા પત્રકારોને આપવામાં આવી હતી.

## અમીરગઢ તાલુકા ના ધાધુ પ્રાથમિક શાળામાં મ્યુઝિક સિસ્ટમ આરો કુલર તેમજ નોટિસ બોર્ડ નું વિતરણ કરવામાં આવ્યું



નેશનલ હાઈવે ઈન્ફ્રા ટ્રસ્ટ વતી અમીરગઢ તાલુકા ના ધાધુ પ્રાથમિક શાળામાં મ્યુઝિક સિસ્ટમ આરો કુલર તેમજ નોટિસ બોર્ડ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ સિવાય ધાધુ ગામ માં આજુબાજુ રહેતા ભાઈઓને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ સમારંભમાં દાતા તાલુકાના ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી તેમજ નેશનલ હાઈવે ઈન્ફ્રા ટ્રસ્ટના પ્રોજેક્ટ મેનેજર શૈલેન્દ્ર સિંગ રાજપુત તેમજ એન ડબલ્યુ પી પી એલ નો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો

## ધો.૧૦ માં ગુજરાતી (દ્વિતીય ભાષા) માં કુલ ૧૦૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦ માં ગુજરાતી ૧૩ (દ્વિતીય ભાષા)માં કુલ ૧૦૧૭ વિધ્યાર્થીઓ પૈકી ૧૦૧૦ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જ્યારે સાત વિધ્યાર્થીઓની ગેરહાજરી નોંધાઈ હતી. ધોરણ ૧૨ માં ગુજરાતી (૦૦૮) (દ્વિતીય ભાષા)માં કુલ ૧૮૧ વિધ્યાર્થીઓ પૈકી ૧૭૪ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે સાત વિધ્યાર્થીઓની ગેર હાજરી નોંધાઈ હતી. અંગ્રેજી(૦૧૩) (દ્વિતીય ભાષા)માં કુલ ૯૪૦૨ વિધ્યાર્થીઓ પૈકી ૯૨૬૨ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ૧૪૦ વિધ્યાર્થીઓની ગેરહાજરી નોંધાઈ હતી.એમ જિલ્લા શિક્ષણાધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ

# બનાસકાંઠા પોલીસ બહેનોની સુરક્ષા માટે હર હંમેશા કટિબદ્ધ

(માહિતી બ્યુરો,પાલનપુર)

મહિલાઓના હકો, સમાનતા અને સશક્તિકરણ હેઠળ જાગૃતિ કેળવાય તે હેતુથી ૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાય છે. રાજ્યમાં બહેનોની સુરક્ષા માટે ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ વિભાગ દ્વારા મહિલા સ્વ-રક્ષણ યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ બહેનોને આત્મ રક્ષણ એટલે કે સેલ્ફ ડિફેન્સની વિશેષ તાલીમ આપવામાં આવે છે.



બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાશ્રી અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા બહેનોને તાલીમ આપીને પ્રશંસનીય કામગીરી કરી છે. આ અંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું કે, બનાસકાંઠામાં છેલ્લા ૨ વર્ષમાં ૧૦,૦૮૬ બહેનોને સેલ્ફ ડિફેન્સની તાલીમ અપાઈ ચૂકી છે જ્યારે અત્યારે ચાલુ માસે પણ ૩૪૦૦ બહેનો તાલીમ મેળવી રહી છે. તેમણે જણાવ્યું કે, આ તાલીમ થકી બહેનો/યુવતીઓમાં આત્મવિશ્વાસ અને હિંમત કેળવાય છે તથા હેરાનગતિ, અત્યાચાર અને દુર્વ્યવહાર સામે લડવા માટે બહેનો સક્ષમ બને છે. બનાસકાંઠા પોલીસ મહિલાઓની સુરક્ષા માટે હર હંમેશા કટિબદ્ધ છે ત્યારે વધુમાં વધુ બહેનો સ્વ રક્ષણની આ તાલીમ મેળવે તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા અનુરોધ કરાયો હતો. રાજ્ય સરકારની આ શ્રેષ્ઠ તાલીમ થકી બહેનો આપાતકાલીન પરિસ્થિતિમાં પોતાનું રક્ષણ કેવી રીતે કરવું તે શીખવવામાં આવે છે. બનાસકાંઠામાં જિલ્લા પોલીસ વિભાગ દ્વારા છેલ્લા ૨૬ મહિનામાં ૧૩,૪૮૬ બહેનો/યુવતીઓને સ્વ-રક્ષણની તાલીમ અપાઈ છે. જેમાં ટ્રેનર દ્વારા વિવિધ સંસ્થાઓ, શાળા- કોલેજ ખાતે જઈને બહેનોને ૧૫ કલાકની તાલીમ આપવામાં આવે છે. તેમને કરાટે, જૂડો અને અન્ય માર્શલ આર્ટ્સની તાલીમ પોલીસ અને સુરક્ષા નિષ્ણાતો દ્વારા અપાય છે. આ સાથે સમાનતા અને સશક્તિકરણ પર વર્કશોપ તથા તાત્કાલિક બચાવ અને મોબાઈલ એપ્લિકેશન ઉપયોગ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. આજે જિલ્લાની હજારો બહેનો આ તાલીમ મેળવીને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અને પોલીસ વિભાગનો આભાર માની રહી છે. આઈ.એચ.ચૌધરી(જિલ્લા માહિતી કચેરી,પાલનપુર)

# પાલનપુરમાં ફૂટપાથ દબાણો ફરી થતા રાહદારી લોકો રોડ પર ચાલવા મજબુર

પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે તાજેતરમાં નગરપાલિકા અને માર્ગ મકાન વિભાગ દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરીને કોઝી થી એરોમા સકલ સુધી રોડની બન્ને સાઈડના ફૂટપાથ પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ટ્રાફિકની સમસ્યા મહદ અંશે હળવી થઈ હતી. થોડાક જ દિવસો બાદ ફરીથી લારી ગલ્લા વાળાઓએ ફૂટપાથ પર અડિંગો જમાવીને દબાણો કરી દેતાં પાલિકાની દબાણ ઝુંબેશ પર પાણી ફરી વળ્યુ છે.



લારી-ગલ્લા વાળાઓએ ફૂટપાથ પર અડિંગો જમાવી દેતાં રાહદારીઓને હાલાકી: કાયમી નિકાલ કરવા માંગ

પાલનપુરમાં કાયમી અને જટિલ બનેલી ટ્રાફિકની સમસ્યા ઠેરની ઠેર રહેવા પામી છે. શહેરમાં જાહેર રોડ રસ્તા અને ફૂટપાથ પર થઈ રહેલા આડેધડ દબાણોને લીધે લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. શહેરના પ્રવેશદ્વાર એરોમા સર્કલથી કોઝી સુધીના માર્ગ પર ફૂટપાથ પર રેકડી, સ્ટોલ લારી ગલ્લા મૂકીને દબાણોકરવામાં આવતા રાહદારી લોકોને અવરજવર કરવામાં ભારે મશ્કેલીનો સામનો કરવો પડે છે.સાથે આ દબાણોને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે તાજેતરમાં નગર પાલિકા અને માર્ગ મકાન વિભાગ દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરીને કોઝી થી એરોમા સર્કલ સુધીના ફૂટપાથ પર દબાણો દૂર કરાયા હતા. બાદમાં ગણતરીના દિવસોમાં જ ફરી આ ફૂટપાથ પર દબાણદારોએ અડિંગો જમાવી દેતાં રાહદારીઓને હાલાકી વેઠવાની નોબત આવી હતી. પાલિકા દ્વારા આ ફૂટપાથ ને કાયમી માટે દબાણ મુક્ત બનાવવા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# વડગામના સકલાણામાં દાતાઓ એ ચકલી ના માળા લગાવ્યા

વડગામ તાલુકાના સકલાણા આશાપુરા માતાજીના મંદિરના પ્રાંગણ માં આવેલ ઝાડ અને આજબાજુ ની જગાએ એસ.કે ફાઉન્ડેશન સલેમકોટ ના પ્રમુખ સુરેશભાઈ રાઠોડ થતા દાતાઓના માધ્યમથી જીવદયા ના કામરૂપે ચકલી ઘરના માળાઓ બાંધવામાં આવ્યા હતા. તેમાં ભાજપના અગ્રણી પ્રદેશ બક્ષીપંચ મોરચાના પરબતજી ઠાકોર, બાલકૃષ્ણ જીરાલાજી રેલવે બોર્ડ ડિરેક્ટર, સમાજ સેવક ભીખાભાઈ ગોહિલ,બાબુજી ઠાકોર તથા ધીરાજી ઠાકોર સહિત ઉપસ્થિત રહ્યા અને આશાપુરા યુવક મંડળના યુવાન મિત્રો હાજર રહી ચકલી



ઘર બાંધવાનું કામ કરવામાં આવ્યું હતું. જેને લઈ એસ.કે ફાઉન્ડેશન અને દાતાઓની આભાર માન્યો હતો.

## કાંકરેજ તાલુકાના થરા ખાતે બનાસકાંઠા જિલ્લા ભાજપ અદયક્ષાનું સ્વાગત કરવામાં આવ્યું



ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ બ.કાં.જિલ્લા ભાજપામાં મહત્વપૂર્ણ નિમણૂંક કરવામાં આવી છે.ત્યારે કાંકરેજ તાલુકા અને ખારિયાના રહીશ તથા પૂર્વ મંત્રી કીર્તિસિંહ વાઘેલાને બ.કાં. જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે રિપીટ કરી ફરી વખત જવાબદારી સોંપવામાં આવી છે.પાલનપુરના ચડોતર શ્રીકમલમ કાર્યાલય ખાતે યોજાયેલ સમારોહમાં ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ જયંતિભાઈ કવાડિયા, કલસ્ટર ઈન્ચાર્જ જયસિંહ ચૌહાણ,ચૂંટણી અધિકારી જગદીશભાઈ પટેલ,ચૂંટણી સહ ઈન્ચાર્જ વિશાલભાઈ પટેલ, વિજયસિંહ ઝાલાની ઉપસ્થિતિ માં કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા ની વરણી કરવામાં આવેલ. રેખાબેન ચૌધરીએ કંકુ તિલક કર્યા બાદ જિલ્લા અધ્યક્ષે ચાર્જ સંભાળ્યો હતો.શ્રી કમલમ કાર્યાલય ખાતેથી વિદાય પરત ફરી રહ્યા હતા ત્યારે ઠેરઠેર ઉત્સાહભેર સ્વાગત થઈ રહ્યું ત્યારે થરા ખાતે હાઈવે સ્થિત શ્રી બહુચર માતાજીના મંદિરે પૂજારી મુકેશભારથી ગૌસ્વામીએ કંકુ તિલક કરી બનાસબેંકના ચેરમેન ડાહ્યાભાઈ પિલિયાતર,થરા સ્ટેટ માજી રાજવી એવમ થરા નગર પાલિકા પૂર્વપ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા,પ્રમુખ અનિલભાઈ સોની,વહેપારી અગ્રણી કિરીટભાઈ અખાણી,કનુભાઈ ઠક્કર,વિક્રમસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા,પ્રવીણભાઈ પરમાર સહીત ભાજપાના કાર્યકરોએ ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું.ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ,ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ,મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી,પ્રદેશ જોન પ્રદેશમહામંત્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને બ.કાં. ભાજપ પ્રભારી જયંતિભાઈ કવાડિયા,બ.કાં.અને કાંકરેજ તાલુકા થરા નગરજનો સૌ સન્માનિય આગેવાનો,સ્નેહી સૌ કાર્યકર્તા ભાઈઓ-બહેનો હદયપુર્વક અધ્યક્ષ કીર્તિસિંહે આભાર માન્યો હતો.

# બનાસકાંઠા પાલનપુર ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની મદદથી અઢીમાસના બાળકને પોતાની માતાનું મિલન કરાવ્યું



બનાસકાંઠા પાલનપુર ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ આવતા ડીસા તાલુકામાં આવેલ કોઈ ગામ માંથી બેને જણાવેલ કે મારા સાસરિયા એ બાળક જે દૂધ પીતું હોય અને સાસરીયા અપ શબ્દો બોલી ઝઘડો કરી મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકી બાળક જુટવી લીધેલ છે જેથી બાળકને મેળવવા તેમજ સાસરીયા ને સમજાવવા અને માહિતી મેળવવા માટે મદદની જરૂર છે. ૧૮૧ અભયમ ટીમને કોલ મળતા ઘટના સ્થળે જઈ પીડિત બહેનને મળી તેની સમસ્યાઓ જાણેલ લગ્નનો એક વર્ષનો સમયગાળો પસાર થતાં તે દરમિયાન પતિ નાની મોટી વાતમાંથી લઈને હાથ ઉપાડતા આવ્યા હતા, સાસુ, સસરા, નન્દ જેવો મળી માનસિક ટોર્ચર કરી કામ કરવા બાબત શારીરિક માનસિક ત્રાસ આપતાં જાણવા મળેલ તેથી બંને પક્ષો નું અસરકારક કાઉન્સેલિંગ કરી કાનૂની માહિતી સલાહ માર્ગદર્શન આપી ઘર સંસાર તૂટતો જોડ વામાં મદદ રૂપ થયેલ, ખાસ નાના અઢી માસ ના બાળક ને ત્રીજા દિવસે તેની માતા સાથે મિલન કરાવવામાં મદદ પહોંચવામા આવી છે.

OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 04 ISSUE :51